# સરકારે નિશ્ચિત મુદત બાદ ભરાનાર આવકવેરા રિટર્ન બાબતે કરેલી જોગવાઈઓની ભીતર


ટૅક્સ રામાયણ

પરેશ કપાસી




**સરકારે** આગામી નાણાકીય વર્ષના બજેટની જાહેરાત કરતી વખતે સુધારિત આવકવેરા રિટર્ન ભરવા બાબતે નવી જોગવાઈ કરી છે. જો કોઈ કરદાતા નિશ્ચિત સમયગાળાની અંદર રિટર્ન ભરી શકે નહીં તો તેઓ વધારવામાં આવેલી મુદત સુધીમાં વધુ કરવેરો ભરીને રિટર્ન ફાઈલ કરી શકે છે. ચાલો આજે આપણે આ જોગવાઈ વિશે વાત કરીએ.

આવકવેરા ધારાની કલમ ૧૩૯(૮એ)માં આવકવેરા રિટર્ન ફાઈલ કરવાની સમયમર્યાદા જણાવવામાં આવી છે. ક્યા કરદાતા આ કલમ હેઠળ રિટર્ન ફાઈલ કરી શકે નહીં એ પણ તેમાં જણાવવામાં આવ્યું છે. એ ઉપરાંત કલમ ૧૪૦બીમાં વધારાના કરવેરા અને તેની ગણતરીની રીત દર્શાવવામાં આવી છે.

કલમ ૧૩૯ (૮એ)ની શરૂઆતમાં જ ‘કોઈ પણ વ્યક્તિ’ એવો શબ્દપ્રયોગ થયો છે. તેનો અર્થ એવો કે આ સુવિધાનો લાભ કોઈ પણ પ્રકારના કરદાતા લઈ શકે છે. જોકે નીચે જણાવેલા સંજોગોમાં એ વ્યક્તિ કલમ ૧૩૯ (૮એ) હેઠળ સુધારિત ઈન્કમ ટૅક્સ રિટર્ન ભરી શકે નહીં.

જો સુધારિત રિટર્ન નુકસાન દર્શાવતું હોય

જો કરદાતાની કરવેરાની કુલ લાયેબિલિટી ઘટી જતી હોય અથવા રિફન્ડ વધી જતું હોય

કલમ ૧૩૯ (૮એ) હેઠળ સુધારિત રિટર્ન ભરવામાં આવે તો તેનાં શું પરિણામ આવે છે?

જો કરદાતા કલમ ૧૩૯ (૮એ) હેઠળ સુધારિત આવકવેરા રિટર્ન ભરે તો તેમણે નીચે જણાવેલી રીતે ૨૫ કે ૫૦ ટકાનો વધારાનો કરવેરો ચૂકવવો પડે :

૧. જો નાણાકીય વર્ષ પૂરું થયાના નવ મહિના બાદ, પણ સંબંધિત આકારણી વર્ષ પૂરું થયાના બાર મહિનાની અંદર આવકવેરા રિટર્ન ભરવામાં આવે તો કુલ કર વત્તા ચૂકવવાપાત્ર વ્યાજના ૨૫ ટકા જેટલો વધારાનો કર હશે.

૨. જો સંબંધિત આકારણી વર્ષ પૂરું થયાના બાર મહિના પછી, પણ સંબંધિત આકારણી વર્ષ પૂરું થયા બાદના ૨૪ મહિનાની અંદર આવકવેરા રિટર્ન ભરવામાં આવે તો કુલ કર વત્તા ચૂકવવાપાત્ર વ્યાજના ૫૦ ટકા જેટલો વધારાનો કર હશે.

દા.ત. રમેશભાઈને પગારની અને કૅપિટલ ગેઇનની આવક છે (તેમણે પોતાના અકાઉન્ટનું ઑડિટ કરાવવાની જરૂર હોય એવી જોગવાઈ હેઠળ આવતા નથી). તેઓ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેનું રિટર્ન ૩૧ જુલાઈ, ૨૦૨૨ સુધીમાં ભરી શક્યા નહોતા. તેઓ વિલંબિત રિટર્ન ભરવાની ૩૧ ડિસેમ્બર, ૨૦૨૨ની તારીખ સુધીમાં પણ રિટર્ન ફાઈલ કરી શક્યા નહીં. રમેશભાઈની કુલ આવક ૯,૩૭,૫૦૦ રૂપિયા છે. તેમાં કરવેરાની લાયેબિલિટી ૧,૦૦,૦૦૦ રૂપિયા અને આરોગ્ય તથા શિક્ષણ સેસ ૪૦૦૦ રૂપિયા છે. તેમણે કલમ ૨૩૪એ, બી અને સી હેઠળ ૧૮,૩૨૦ રૂપિયાનું વ્યાજ ચૂકવવું જરૂરી છે.

આ આંકડાઓના આધારે ગણતરી કરીએ તો રમેશભાઈએ ભરવાની રકમની ગણતરી આ સાથેના કોષ્ટકમાં આપવામાં આવી છે.

| વિગત | સંબંધિત આકારણી વર્ષની છેલ્લી તારીખ એટલે કે ૩૧ માર્ચ, ૨૦૨૩થી ૧૨ મહિનાની અંદર રિટર્ન ભરવામાં આવે તો | સંબંધિત આકારણી વર્ષની છેલ્લી તારીખ એટલે કે ૩૧ માર્ચ, ૨૦૨૪થી ૧૨ મહિનાની અંદર રિટર્ન ભરવામાં આવે તો |
|---|---|---|
| કરવેરાની લાયેબિલિટી | ૧,૦૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ |
| આરોગ્ય અને શિક્ષણ સેસ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| કલમ ૨૩૪એ/બી/સી હેઠળ વ્યાજ* | ૧૮,૩૨૦ | ૧૮,૩૨૦ |
| કલમ ૨૩૪એફ હેઠળ દંડ | ૧૦,૦૦૦ | ૧૦,૦૦૦ |
| કુલ લાયેબિલિટી/આકારણી કરેલો કર | ૧,૩૨,૩૨૦ | ૧,૩૨,૩૨૦ |
| ૨૫ ટકા લેખે વધારાનો કર | ૩૩,૦૮૦ | |
| ૫૦ ટકા લેખે વધારાનો કર | | ૬૬,૧૬૦ |
| કલમ ૧૩૯(૮એ) હેઠળ કરવેરાની કુલ લાયેબિલિટી | ૧,૬૫,૪૦૦ | ૧,૯૮,૪૮૦ |

*કલમ ૨૩૪એ/બી/સી હેઠળ વ્યાજની ગણતરી આવકવેરાનું રિટર્ન ભરવાની વાસ્તવિક તારીખ અને કરવેરાની ચુકવણીની વાસ્તવિક તારીખ સુધી કરવામાં આવશે.

**નિષ્કર્ષ :**

સરકારે કેન્દ્રીય બજેટ મારફતે ફરી એકવાર દર્શાવી આપ્યું છે કે કરવેરાની બાબતે કાનૂની ખટલાઓની સંખ્યા ઓછી કરવાનો તેનો વિચાર છે. જોકે અહીં કહેવું ઘટે કે વધારાનો કરવેરો ભરવા માટે ૫૦ ટકાનો દર રાખવામાં આવ્યો એ વધારે પડતો છે. જો કોઈ કરદાતા કલમ ૧૩૯(૮એ) હેઠળ સુધારિત રિટર્ન ભરવાનું પસંદ કરે અને પછી એને આવકવેરા ખાતા તરફથી નોટિસ મળે તો એની મુશ્કેલી ઓર વધી જાય એમ છે.


લેખક પ્રૅક્ટિસિંગ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. paresh.kapasi@mid-day.com પર વાચકો તેમનો સંપર્ક સાધી શકશે.